Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સને ૧૯૮૪-૮૫
સંવત
૨૦૪૧-૨૦૪૨

# શ્રી આત્માનંદ પ્રકાશ

વાર્ષિક ફાઈલ

શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેઈટ, ભાવનગર - ૩૬૪૦૦૧.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્માનંદ પ્રકાશ



આત્મ સંવત ૮૯ (ચાલુ) વીર સં. ૨૫૧૦
વિક્રમ સંવત ૨૦૪૧ કારતક

## પ. પૂ. શ્રી સુપાર્શ્વ ભગવાનનું સ્તવન (ચાલુ)

લે. આનન્દઘનજી મ. સાહેબ

વીતરાગ મદ-કલ્પના, રતિ-અરતિ ભય સોગ...લલના
નિદ્રા-તંદ્રા-દુરંદશા, રહિત અબાધિત યોગ...લલના (૫)

પરમપુરુષ પરમાત્મા પરમેશ્વર પરધાન...લલના
પરમ પદારથ પરમેષ્ઠિ પરદેવ પરમાન...લલના (૬)

વિધિ વિરંચિ વિશ્વંભર હૃષિકેશ જગન્નાથ...લલના
અઘહર અઘમોચન ધણી મુક્તિ પરમપદ સાથ...લલના (૭)

એમ અનેક અભિધા ધરે અનુભવ-ગમ્ય વિચાર...લલના
તે જાણે તેહને કરે આનંદઘન અવતાર...લલના (૮)

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર

પુસ્તક : ૮૨ ] નવેમ્બર : ૧૯૮૪ [ અંક : ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અ નુ ક્ર મ ણિ કા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | પદ પદ | લે. પ.૦પૂ૦ આનન્દઘનજી મહારાજ સા૦ | ૧ |
| (૨) | નૂતન વર્ષના મંગલ પ્રભાતે | — | ૨ |
| (૩) | અભિનિવેશનું ફળ | — | ૩ |
| (૪) | વસુદેવ હિણ્ડી ( હિન્દી ) | લે. પ૦પૂ૦ સંઘદાસજી ગણિ. | ૭ |
| (૫) | અસીમ કૃપા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુની | ચત્રભુજભાઈ શામજી | ૧૨ |
| (૬) | સતી સુરસુંદરી | પ૦પૂ૦ આ૦શ્રી વિજયઅમૃત સૂરીશ્વરજી મ૦. સા.ના શિષ્ય મુનિશ્રી દાનવિજયજી મ. | ૧૩ |
| (૭) | ધનાઢયતા અને ઉદારતા | ડો. ભાઈલાલ એમ. બાવીશી. | ૧૮ |


## આ સભાના નવા માનવંતા પેટ્રન મહાશયો.

## ૧ શ્રી નવિનચંદ્ર કુંવરજી શેઠ–મુંબઈ

## ૨ શ્રી નલીનભાઇ હીંમતલાલ–શાહ–વિદ્યાનગર

ખરો શૂર શત્રુને બાથમાં ઘાલીને પછાડે નહિ અને અન્યથા અન્યની સાથે લડાઈ કરે તે તે મૂર્ખ ગણાય છે. અન્યો પોતાના સત્ય ધર્મનો મર્મ જાણી શકતા નથી. માટે હે આત્મ સ્વામિન્! તૂં હવે મોહ શત્રુને મારી નાખ. બાહ્ય યુદ્ધો જીવો અનાદિ કાળથી કરે છે તેથી તેઓ ચતુર્ગતિમાં ભ્રમણ કરે છે. બાહ્ય શત્રુઓને શત્રુ તરીકે નહિ માનતા, અંતરમાં રહેલ રાગાદિ શત્રુ સમજી તેને નાશ કરવા રૂપ સ્વધર્મને ગ્રહણ કરે છે તેથી તે આનન્દ સમૂહભૂત શુદ્ધ રૂપસ્થાન છે તેને પકડીને રહે છે. શુદ્ધ ચેતના પોતાના સ્વામીને કર્મક્ષય કરવા ઉત્સાહ આપે છે એવું શ્રીમદ્ આનન્દઘનજી સ્વકીય હૃદયોદ્ગારથી ગાય છે.

## હાર્દિક અભિનંદન

આ સંસ્થાએ કેળવણી–સહાયક ફંડ માટે આગ્રહ ભરી વિજ્ઞપ્તિ કરતાં તેમજ વ્યક્તિગત દાતાઓને ધ્યેય અને ફળશ્રુતિ વિષે સંપૂર્ણ માહિતી આપતાં નીચે મુજબ દાતાઓ તરફથી સહાય મળી છે

૨૦૦૧ શ્રી ખીમચંદભાઈ ચાંપશીભાઈ શાહ
૨૦૦૧ શ્રી રમણિકલાલ ચાંપશીભાઇ શાહ
૧૦૦૧ શ્રી અમૃતલાલ લહેરચંદ મુ. ઘોઘા
૨૦૦૧ શ્રી અનોપચંદ નાનચંદ મોતીવાળા
૧૦૦૧ શ્રી તલકચંદ રાયચંદ શિહોરવાળા
હ. પુષ્પાબેન તલકચંદ
૨૦૦૧ શ્રી દુર્લભદાસ ત્રિભોવનદાસ ટાણાવાળા
હ. સમતબેન સેઘજીભાઈ
૨૦૦૧ શ્રી વનિતાબેન કાન્તિલાલ સલોત
શિહોરવાળા હ. ચંપાબેન જગજીવનદાસ
૧૦૦૧ શ્રી અનંતરાય બાબુલાલ શિહોરવાળા
હ. લલિતાબેન અનંતરાય
૧૦૦૧ શ્રી વર્ધમાન મનજીભાઈ
૧૦૦૧ શ્રી મણિબહેન લલ્લુભાઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી પોપટલાલ રવજીભાઇ સલોત

વર્ષ : ૮૨ ] વિ. સં. ૨૦૪૧ કારતક : નવેમ્બર-૧૯૮૪ [ અંક : ૧


## પદ ૪૬

લે. **પરમપૂજ્ય આનન્દઘનજી મહારાજ સાહેબ**

ચેતન ચતુર ચોગાન લરીરી—ચેતન૦
જીત લૈ મોહરાયકો લસકર મિસકર છાંડ અનાદિ ધરીરી—ચેતન

ભાવાર્થ :- મોહની અઠ્ઠાવીસ પ્રકૃતિયો રૂપ યોદ્ધાએ આત્માની સાથે અનાદિ કાળથી યુદ્ધ કરે છે. શુદ્ધ ચેતના પોતાના સ્વામીને કહે છે, "હવે તું મોહના લશકરને પોતાની અશુદ્ધ પરિણતિરૂપ કાલિમાને તજીને જીતી લે. હવે તું સમય ગુમાવીશ નહિ. હે શૂરવીર! હવે રણ મેદાનમાં ખરૂં શૂરાતન દેખાડી દે. શા માટે વાર લગાડે છે?

નાગી કાઢલે તાડલે દુશ્મન, લાગે કાચી દોય ધરીરી,
અચલ અબાધિત કેવલ મનસુફ, પાવે શિવદરગાહ ભરીરી—ચેતન

હે ચેતન! તું મ્યાનમાંથી તરવાર કાઢીને દુષ્ટ મોહરાજાના સુભટોને માર. હે ચેતન! મોહ શત્રુએ આપણું બુરું કરવામાં કાંઈ બાકી રાખ્યું નથી. પોતાનું ખરૂં શૂરાતન ફોરવી, તેથી સાથે લડતાં કાચી બે ઘડીમાં તું મોહશત્રુનું નીકંદન કરી નાખીશ. ત્યારબાદ અચળ, કદી બાધા ન આવે એવું, સર્વ પદાર્થોને એક સમયમાં જાણે છે એવું કેવળજ્ઞાન જેમાં છે તેવી શિવદરગાહ (મુક્તિ)ને તું પામી શકે-તેમાં જરા પણ આશ્ચર્ય નથી.

ઔર લરાઇ લરે સો બાવરા, સૂર પછાડે નાવ અરિરી,
ધરમ, પરમ કહા બુજે ન આરે, રહે આનન્દઘન ફકીરી—ચેતન

( અનુસંધાન ટાઈટલ પેજ ૨ ઉપર )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નૂતન વર્ષના મંગલ પ્રભાતે

'શ્રી આત્માનંદ પ્રકાશ' માસિક સહસ્ત્રદલ કમળ સમ વિકસિત, આત્મજ્ઞાનની પમરાટ પ્રસરાવતું, સદ્દજીવન અર્થે અમૃતસમ પાન કરાવતું, આત્મવિકાસ માટે એક પછી એક સોપાન સર કરવામાં સહાયરૂપ બનતું, સુકૃત્યોને અનુમોદનાના પુષ્પોથી વધાવતું, જ્ઞાન-આરાધના માટે સર્વોત્તમ તક આપતું, સમયના ખળખળ નાદ સાથે તાલ મેળવતું, પ્રગતિના પંથે નિશ્ચિત કદમ સાથે ધપી રહ્યું છે, ઉચ્ચતમ જીવન અને જીવન સાર્થકતા સાંપડો"-તેવા શુભ આશિષની લ્હાણુ વાચકવૃન્દને અર્પે છે

માસિકમાં વિદ્વાન પુરુષોના લેખો, મહાપુરુષોના ચરિત્રો, જૈન શાસનના જ્ઞાન રૂપ અમૂલ્ય ખજાનાઓ રજુ કરી વાચન રસાસ્વાદને તૃપ્ત કરવામાં અમૂલ્ય ફાળો અર્પે છે. આત્માને આનંદદિત બનાવી, આત્માના અંધકાર દૂર કરી પ્રકાશ રેલાવી નામની સાર્થકતા કરે છે, તેથી અમે માસિકને પ્રસંસાના પુષ્પોથી આ મંગળ પ્રભાતે વધાવીએ છીએ, એટલું જ નહિ દરેક વાચક અને સભાના આજીવન સભ્ય મુક્ત કંઠે પ્રશંસા કરે છે એ જ તેની સેવાનો પુરસ્કાર છે.

પૂર્વાચાર્યોના સિદ્ધ હસ્તે લખાયેલ સ્તવનો, સંસ્કૃત શ્લોકો, સત્ય ઘટનાઓ, ચિંતન કણિકાઓ, ભક્તિ સભર કાવ્યો વગેરે વિધવિધ વાનગીઓના રસથાળ દ્વારા જૈન શાસનની સેવા કરતા કરતા નીજનું નામ "પ્રકાશ" ઉજ્જવળ કરે છે, તે અંગે રસમય અને અસરકાર લેખોની પસંદગી કરવા બદલ અનેક અભિનંદન પત્રો મળ્યા છે.

'પ્રકાશ'ની રોશનીમાં તપસ્વી ભાઈ-બહેનોના તપ, અનુષ્ઠાનોનું વર્ણન, દાન પ્રવાહના ઝરણાં ઝગમગતા બને છે તે જોઇ અમારા હૃદય આનંદ અનુંભવે છે.

જીવનપાયાને નક્કર બનાવનાર કથાનકો, કાવ્યો, જૈન ધર્મના આચાર વિચાર પરના નૂતન શૈલીમાં લખાતાં લેખો માટે વિદ્વાન લેખકોને અમારી નમ્ર વિનંતિ છે કે તેઓ સમયે સમયે અમને સારા લેખો મોકલીને આભારી કરે.

આ સંસ્થાનું મહત્ત્વનું કાર્ય જૂના સંસ્કૃત કે માગધી ભાષામાં લખાયેલ પુસ્તકોનું ભાષાંતર કરાવી, છપાવી જૈન જનતા સમક્ષ મૂકવું. તે ધ્યેયના ફળશ્રુતિ રૂપ 'શ્રી સુમતિનાથ ચરિત્ર'નો પ્રથમ ભાગ પ્રગટ કરવામાં આવ્યો છે. વિશેષ આનંદ તો એ બાબતનો છે કે આ પુસ્તક આજીવન સભ્યોને ભેટ તરીકે આપવામાં આવ્યું છે. બીજો ભાગ પણ છપાઈ ગયેલ છે જે શ્રી સુમતિનાથ પ્રભુ ચરિત્ર ભાગ ૨ નો પ્રકાશન સમારોહ પરમ પૂજ્ય પંન્યાસ પ્રવર ગુરૂદેવ શ્રી અભયસાગરજી મહારાજ સાહેબના શિષ્યરત્ન પૂજ્ય ગણિવર્ય અશોકસાગરજી મહારાજ સાહેબ આદિ મુનિભગવંતોની શુભ નિશ્રામાં સંવત ૨૦૩૯ના મહા વદ ૨ ને રવિવાર તાં. ૩૦-૧-૮૩ના રોજ તખતગઢ મંગલ ભુવન, તળેટીરોડ, પાલીતાણા મુકામે ઉજવવામાં આવ્યો હતો. જેની કિંમત રૂા. ૩૫ ૦૦ રાખેલ છે.

આ સંસ્થાના સંસ્કૃત તથા માગધી ભાષાના પુસ્તકોનો લાભ સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો લે છે. અભ્યાસ તેમજ વ્યાખ્યાનમાં તેમનો ઉપયોગ કરવામાં આવે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ સંસ્થા પોતાના જ મકાનમાં જાહેર લાઈબ્રેરી ચલાવે છે. અનેક વ્યક્તિઓ સારો એવો લાભ લે છે. પુસ્તકોનો લાભ મેળવવા માટે વાર્ષિક ફી ૨) રૂા. રાખેલ છે. પરિણામે જૈન તથા જૈનતર ભાઇ બ્હેનો સારો લાભ લે છે.

દર વર્ષે આ સંસ્થા પૂજ્ય આચાર્ય મહારાજ સાહેબ શ્રી વિજયાનંદસૂરીશ્વરજીની જન્મ જયંતિ ચૈત્ર સુદી ૧ના રોજ પાલીતાણા મુકામે ઉજવે છે. સાધુ-સાધ્વીની ભક્તિનો અપૂર્વ લાભ તેમ જ પૂજાનો લાભ તે દિવસે સંસ્થા મેળવે છે.

ઉપરાંત આ સભાની વર્ષગાંઠ જેઠ શુદમાં રોજ તળાજા તીર્થે ઉજવાય છે, ત્યાં પૂજા વગેરેનો લાભ મેળવી ધન્યતા અનુભવે છે.

ગુરુભક્તિ નિમિત્તે માગશર વદી ૬ તથા આસો સુદી ૧૦ના રોજ સંસ્થા તરફથી સારા સંગીતકારોની સુરાવલી સાથે પૂજા ભણાવવામાં આવે છે. તેમ જ પ્રભાવના પણ થાય છે.

નૂતન વર્ષના પુનિત પ્રભાતે સંસ્થાના સભ્યો સ્નેહામેલનમાં હાજરી આપી પરસ્પર સ્નેહ ભાવનાની વૃદ્ધિ માટે નૂતન વર્ષાભિનંદન અર્પી શુભેચ્છાના રસપાન પીરસી, ધન્યતા અનુભવે છે.

જે જે લેખકો કે લેખિકાઓએ પોતાને મળેલ જ્ઞાન સમૃદ્ધિનો અનેરો લાભ આ માસિક દ્વારા આપેલ છે એ સર્વને અભિનંદન અર્પતા ધન્યતા અનુભવે છે.

છપાઈ તેમજ કાગળની અસાધારણ મોંઘવારી વચ્ચે પણ માસિકનું નાવ અસ્ખલિતપણે ચાલ્યું જાય છે, જે પરમ પૂજ્ય સ્વ. આચાર્યશ્રી વિજયાનંદસૂરિશ્વરજી મહારાજ, સ્વ. પ્રવર્તકશ્રી કાંતિવિજયજી મહારાજ, પૂજ્ય શ્રી ચતુરવિજયજી મહારાજ તથા પૂ૦ આગમ પ્રભાકર શ્રુતશીલવારિધી મુનિ ભગવંત પુણ્યવિજયજી મહારાજના આશીર્વાદનું ફળ છે. તેઓ સર્વનું સ્મરણ કરી, આ મંગળદિને હૃદયપૂર્વક વંદન કરીએ છીએ.

આ પ્રસંગે તમામ પેટ્રન સાહેબો, આજીવન સભ્યો, સંસ્થાના સભ્યો અને હિતેચ્છુઆને શુભેચ્છા પાઠવીએ છીએ.

સંસ્થા પ્રગતિના સોપાન સર કરી ઉન્નતિના શિખરે પહોંચે તે માટે અવિરત પ્રયત્નો દ્વારા સાથ સહકાર આપવા નમ્ર વિજ્ઞપ્તિ કરીએ છીએ, જે નામી અનામી વ્યક્તિઓએ સંસ્થાના ઉત્કર્ષ માટે સેવા અર્પી છે તેમનો હાર્દિક આભાર માનીએ છીએ.

પ૦ પૂ૦ નવપદજીના અનેરા ભક્ત અને વર્ધમાન તપના પુણ્યવંતા તપસ્વી શ્રી શ્રીપાળ રાજાનો રાસ છપાઇને તૈયાર થયેલ છે. પ૦ પૂ૦ જંબૂવિજયજી મહારાજ સાહેબની કૃપાદષ્ટિ અને તેમની શુભ પ્રેરણા, તેમજ સંસ્થા ચમકતી-તેજસ્વી બને તેવા અંતરના આશીર્વાદ વરસાવતા રહે છે. પ૦ પૂ૦ મહારાજ સાહેબ વજસેન મુનિશ્રીની જહેમતથી સાકાર પામેલું પ૦ પૂ૦ સોમચંદ્રસૂરિ રચિત પ્રાકૃત વ્યાકરણ તૈયાર થઇ ગયું છે. તે પુસ્તક પૂ૦ સાધુ મહારાજ સાહેબો તથા સાધ્વીજી મહારાજ સાહેબોને ભેટ આપેલ છે.

પ૦ પૂ૦ હેમચંદ્રસૂરિ રચિત પ્રાકૃત વ્યાકરણ નવ Appndices સાથે રેકઝીન બાઈન્ડીંગ કરેલ પુસ્તક સંવત ૨૦૩૯ની સાલમાં પ્રગટ કરેલ છે. શ્રી જૈન આત્માનંદ સભાનું પ્રકાશન ૯૪મું રત્ન છે, સાચા અર્થમાં તે રત્ન જ છે કેમકે તેના વિવિધ કારણો પ્રાકૃત ભાષાના અભ્યાસીને પુનિત ભાષાથી પ્રકાશિત કરે છે અને પ્રાચીન પ્રાકૃત ભાષાના વ્યાકરણોમાં આ પુસ્તકનું અદ્વિતિય સ્થાન છે. જેની કીંમત રૂા. ૨૫-૦૦ છે.

દ્વાદશાર નયચક્રમ-ભાગ ૧-૨ (રચયિતા પ૦પૂ૦ જંબૂવિજયજી મહારાજ સાહેબ) સંસ્થા દ્વારા બહાર પડી ચૂકયો છે. જેમની માંગ જાપાન, અમેરિકા, ઓસ્ટ્રેલિયા વગેરેના વિદ્વાનો કરે છે. તેઓ સહુ ત્રીજા ભાગની રાહ જોઈ રહ્યા છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તે કાર્ય પણ સત્વરે પાર પડે તેવા પ્રયત્નો સંસ્થાએ જારી રાખ્યા છે.

આ સંસ્થાના ઉપક્રમે શ્રી જંબૂચરિત્ર (લે. પ૦પૂ૦ દાનવિજયજી મહારાજ સાહેબ) શ્રીમાન હિંમતલાલ બી. મહેતાની તથા ધીમંતભાઈની સંપૂર્ણ આર્થિક સહાયથી નૂતન વર્ષમાં બહાર પડશે. પરમ પૂજ્ય આચાર્યદેવ ભદ્રબાહુસાગરજી-ની પ્રેરણાથી, તેમજ શ્રી ગોડીજી જૈન દેરાસર પેઢી (ભાવનગર)ની સહાયથી, તેમજ આચાર્ય ભગવંતના ઉપદેશથી જ્ઞાનપ્રેમી શ્રાવકોની સહાયથી તેમજ શ્રી જૈન આત્માનંદ સભા (ભાવનગર)ની આર્થિક સહાયથી આ વર્ષમાં બહાર પડશે. તે બદલ આર્થિક સહાય કરનારાઓની આ સંસ્થા અનુમોદના કરે છે અને અભિનંદન પાઠવે છે.

આ અલભ્ય પુસ્તક મેળવવાની ઈચ્છા હોય તેઓ **પોતાનો નામ પ્રથમથીજ નોંધાવે** તેથી પુસ્તક પ્રાપ્તિનો લાભ મેળવી શકે.

આ સંસ્થા જૈન સાહિત્ય પ્રસારમાં પણ આગેકદમ કરી રહી છે. તે પણ અમારે માટે ગૌરવરૂપ છે.

દર વર્ષે આ સંસ્થા ચૈત્ર સુદી ૧ પ૦ પૂ૦ વિજયાનંદ સૂરીશ્વરજીની જન્મ જયંતિ શ્રી શત્રુંજય તીર્થમાં અને જેઠ સુદમાં તળાજામાં સભાની વર્ષગાંઠની ઉજવે છે. તદ્ઉપરાંત આ સંસ્થાના ઉપક્રમે બીજી ત્રણ સ્થળોની યાત્રાની યોજના પૂર્ણ કરી છે.

દરેક વર્ષના માગશર માસમાં શ્રી ઘોઘા તીર્થની યાત્રાની યોજના હર્ષોલ્લાસ પૂર્વક નીચેના દરેક દાતાઓએ અઢી હજાર રૂપિયા સંસ્થાના યાત્રા અનામત ફંડમાં અર્પી પૂર્ણ કરી છે

૧. શ્રી કાન્તિલાલ લવજીભાઈ શાહ તથા
   સ્વ. પદ્માબેન કાન્તિલાલ શાહ
૨. શ્રી ખીમચંદ પુરશોત્તમદાસ તથા અ. સૌ.
   હરકોરબેન જસરાજ
૩. **શ્રીમતી કુસુમબેન રમણિકલાલ સંઘવી**
૪. **શ્રી રતિલાલ ગોવિંદજી શાહ તથા શ્રીમતી
   વસંતબહેન રસિકલાલ શાહ**
૫. લક્ષ્મીબેન માણેકચંદ કરમચંદ

દરેક મહા માસમાં પાલીતાણા તીર્થ સ્થળની યાત્રાની યોજના નીચેના દરેક દાતાઓએ અઢી હજાર રૂપિયા સંસ્થાના યાત્રા અનામત ફંડમાં અર્પી પૂર્ણ કરી છે.

૧. શ્રી વનમાળીદાસ ગોરધનદાસ શાહ
૨. શ્રી પોપટલાલ રવજીભાઈ સલોત તથા
   શ્રીમતી હસુમતિ પોપટલાલ સલોત
૨. શ્રી ખીમચંદ પરશોત્તમદાસ તથા અ. સૌ.
   હરકોરબહેન જસરાજભાઈ
૪. સ્વ. વોરા હઠીચંદ ઝવેરભાઈના ધર્મપત્ની
   સ્વ. હેમકુંવર બહેન.
૫. શ્રી કાન્તિલાલ રતિલાલ સલોતની પુત્રી
   કુમારી વનીતાબેન કાન્તિલાલ સલોત

Rotation ક્રમ મુજબ અન્ય તીર્થની યાત્રાની નીચેના દરેક દાતાઓએ અઢી હજાર રૂપિયા સંસ્થાના યાત્રા અનામત ફંડમાં અર્પી પૂર્ણ કરી છે.

૧. શ્રી રમણિકલાલ જેઠાલાલ જસાણી તથા
   તેમના ધર્મપત્ની અ.સૌ. મંછાબહેન
   રમણિકલાલ જસાણી
૨. શ્રી કાન્તિલાલ હેમરાજ વાંકાણી તથા તેમના
   ધર્મપત્ની અ.સૌ. મંગળાબહેન કાંતિ-
   લાલ વાંકાણી અન્ય ત્રણ ગૃહસ્થોએ
   પોતાના નામ નોંધાવી દીધા છે. તેમની

રકમ સંસ્થાને મળતા, આવતા અંકમાં જણા-વાશે. એક એક યાત્રામાં જેમણે રકમ ભરી છે તેમના મુબારક નામે સભ્ય-યાત્રાર્થીને સવારે ચા-પાણી નાસ્તો, તથા સવાર બપોર સાધુ-સાધ્વીજીની ભક્તિ તેમજ યાત્રાર્થે પધારેલ સભ્યો-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ની ભોજનની વ્યવસ્થા રાખવામાં આવશે. આ બદલ સહુના પુનિત કાર્યની અનુમોદના કરીએ છીએ અને ધન્યવાદ અર્પીએ છીએ.

પ૦પૂ૦ આચાર્ય ભગવંતો, પ૦પૂ૦ મહારાજ સાહેબો, પ્રખ્યાત લેખકો–શ્રી કુમારપાળ દેસાઇ, પ્રાધ્યાપક સાહેબ, શ્રીમાન રતભાઇ માણેકચંદ તથા રમેશભાઇ ગાલા, અમરચંદભાઇ માવજી, રાયચંદ મગનલાલ શાહ, આત્માનંદ પ્રકાશ માટે લેખો મોકલે છે અને ઉપકૃત કરે છે, તે બદલ તેઓ પ્રત્યે ભક્તિ–વંદન ભાવ દર્શાવીએ છીએ.

કોઇપણ સંસ્થા કાર્યવાહકોના શુભ નિષ્ટાપર નિર્ભર રહે છે તેમાં બે મત નથી. અનેકવિધ કાર્યો હાથ ધરતાં પડેલાં અન્યનો ટેકો, સાથ–સહકાર અનિવાર્ય રીતે મેળવવો પડે છે. સદ્‌ભાગ્યે આ સંસ્થાને શ્રીમાન્ રાયચંદભાઈ મગનલાલ શાહનો સારો એવો સહકાર ને સેવા સાંપડયા છે. ગત વર્ષમાં તેમના દ્વારા શ્રેષ્ઠીવર્યો પેટ્રન બન્યા છે. તેમની સેવાની અનુમોદનાની તક અત્રે અમે લઇએ છીએ.

સંસ્થાના વિકાસમાં આપ સહુ શુભેચ્છકો, પેટ્રન સાહેબો, આજીવન સભ્યો સહકાર આપી કાર્યવાહકોને ઉપકૃત કરશો એવી હાર્દિક ભાવના

૧. હીરાલાલ ભાણજીભાઇ શાહ
પ્રમુખશ્રી B. Sc.

૨. પોપટલાલ રવજીભાઈ સલોત
B. A. B. T.

ઉપપ્રમુખશ્રી અને તંત્રીશ્રી
જૈન આત્માનંદ પ્રકાશ



# આ સભાના પેટ્રન સાહેબોને

## નમ્ર વિજ્ઞપ્તિ

આપ સહુને જણાવતાં હર્ષ થાય છે કે આ સંસ્થાએ શાળા અને મહાશાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપવા માટે ફંડ કર્યું છે. કપરી મોંઘવારી અંગે, માતા–પિતાને સંતાનોના અભ્યાસની ઘેરી ચિંતા રહે છે. તેમાં રાહતરૂપ બનવા, આ સંસ્થાએ નિર્ણય કર્યો છે. સંસ્થાના દરેક કાર્યમાં ઉદારદીલ ગૃહસ્થોની સહાય્ય મળતીજ રહી છે અને સંસ્થાએ હાથ ધરેલ દરેક પ્રવૃત્તિ સુંદર રીતે અસ્ખલિતપણે ચાલુ રહે છે. તેથી આપ સહુને નમ્ર વિજ્ઞપ્તિ કરીએ છીએ કે દરેક પેટ્રન સાહેબ ઓછામાં ઓછી એક હજાર રૂા. ની રકમ ફંડમાં અર્પે. તેથી તેના વ્યાજમાંથી વિદ્યાર્થીઓને અભ્યાસ અર્થે સહાય આપી શકાય. જ્ઞાન–તેજ કારકીર્દિ ઘડવા માટેનું ઉપયોગી સાધન છે. વિદ્યા–દાન એક અનુપમ દાન છે. તો આપ જરૂર આ બાબતમાં બનારાક્ષ સહાયરૂપ બનશો તેવી નમ્ર વિનંતિ.

**તા. ક.** : માનદ્ સભ્યો પણ આ યોજનાનો લાભ લઇ સંસ્થાને સહકાર અર્પે તેવી નમ્ર વિજ્ઞપ્તિ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ✖ અભિનિવેશનું ફળ ✖

**હિન્દીમાંથી** અનુવાદક : **પી. આર સલોત**

માંડવગઢના રાજા રામ. પટ્ટરાણી લીલાવતી, બીજી રાણી કદંબા. કદંબાને લીલાવતી પ્રત્યે ખૂબ ઈર્ષા; તેથી લીલાવતીનો પરાભવ કરવા ઉત્સુક હતી, લીલાવતીનું વ્યક્તિત્વ ખંડન પામે તે માટે તક જોતી હતી.

વળી રાજાને લીલાવતી પ્રત્યે ખૂબ પ્રેમ હતો, ખૂબ ચાહના હતી–આ વાત પણ કદંબાથી સહી જાતી ન હતી, લીલાવતીનું સુખ તેને આંખના કણા માફક ખૂંચતુ હતું.

એક દિવસ કદંબાને તક મળી ગઇ. લીલાવતીને ખૂબ તાવ આવ્યો હતો. વૈદ્યોએ અનેક પ્રકારના ઉપચાર કર્યા પણ વ્યર્થ. લીલાવતીને મહામંત્રી પેથડશાહ સાથે મૈત્રી હતી, પેથડશાહ મન–વચન–કાયાથી બ્રહ્મચર્યનું પાલન કરતા હતા. પેથડશાહના પ્રભુ પૂજાના વસ્ત્ર, તેમના બ્રહ્મચર્ય વ્રતને લઇને પ્રભાવશાળી બન્યા હતા. તે વસ્ત્ર પેથડશાહની પત્ની પદ્મશ્રીએ લીલાવતીને આપ્યું હતું. તે વસ્ત્ર ઓઢીને લીલાવતી સૂતી હતી. કદંબાને આ વાતની જાણ થઇ. તરતજ તેણે રાજાના કાન ભંભેર્યા. મહારાજા, આપને મહામંત્રી અને લીલાવતી પર પૂરો ભરોસો છે, બન્ને ઉપર આપનો પૂર્ણ વિશ્વાસ છે પરંતુ આપ જાણતા નથી કે બન્ને વચ્ચે કેવી પ્રેમલીલા ચાલી રહી છે. મંત્રીના વસ્ત્ર ઓઢયા વગર લીલાવતીને નીંદ આવતી નથી, જોવું હોય તો જઈને પ્રત્યક્ષ જોઇલો.

જે વસ્ત્ર લીલાવતીએ ઓઢયું હતું તે વસ્ત્ર રાજાએ મહામંત્રીને ભેટ આપેલ; તેથી તે વસ્ત્ર તરતજ ઓળખી લીધું, રાણી તેમજ મંત્રી પ્રત્યે તિરસ્કાર પેદા થયો. રાણીને દેશ નિકાલની સજા કરી. મંત્રી સાથે બોલવાનું બંધ કર્યું મહામંત્રીને શિક્ષા કરવાની શક્તિ રાજામાં ન હતી. કેમકે તેઓ ખૂબ લોકપ્રિય હતા અને રાજ્યના આધાર સ્તમ્ભ હતા.

રાણી લીલાવતીનું ચરિત્ર હણાયું, તેને સજા પણ થઇ, તેથી કદંબા ખૂબ ખુશ થઈ, પણ આ ખૂશી ક્ષણિક બની. જ્યારે સત્ય હકીકત બહાર આવી ત્યારે રાજાને ખૂબ પશ્ચાતાપ થયો. રાણી લીલાવતી ફરી પટ્ટરાણી બની. મંત્રીનો પ્રભાવ ખૂબ વધ્યો અને રાણી કદંબાને પોતાના પિયર નાસી જવું પડયું. લીલાવતી નમસ્કાર મંત્રની મહા ઉપાસિકા બની,

અભિનિવેશનું મૂળ ઇર્ષા છે. ભવિકો ! ચેતો–ઇર્ષાના સકંજામા ન ફસાઓ, નહીંતર પરિણામ ખતરનાક આવશે.

'અરિહંત'ના સૌજન્યથી

## ક્ષમા યાચના

આ માસિક અંકમાં કોઈ અશુદ્ધિ રહી ગઈ હોય અથવા કોઇ ક્ષતિ મુદ્રણ દોષ હોય તો તે માટે મનસા, વચસા, મિચ્છામિ દુક્કડમ્. તંત્રી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વસુદેવ હિણ્ડી ( હિન્ડી )

લે. પ. પૂ. સંઘદાસ ગણિ.

( ગતાંકથી ચાલુ )

ત્યારબાદ સજાવટ કરી, ચારુદત્તની સભામાં પહોંચી ગયો. પરીક્ષકગણ તેમને માટે બનાવેલ ઊંચા મંચ પર બેઠો હતો, બાકીના સહુ જમીન ઉપર. મારા ગુરૂની દૃષ્ટિ મારા પર પડી. તેમણે ઇશારા દ્વારા તેમની પાસે જવાની મનાઇ કીધી

ગણનાપાત્ર વ્યક્તિઓ સાથે ચારુદત્ત જ્યાં બેઠા હતા તે તરફ હું ગયો. ચારે બાજુ નજર નાખી હું બોલ્યો, "આવી સભા વિદ્યાધરોમાં નજરે પડે છે; મનુષ્ય લોકમાં નહિ" તે સાંભળી ચારુદત્ત પ્રસન્ન થયા અને મને બેસવા માટે ઊંચું આસન આપ્યું. જેવું મેં સ્થાન લીધું કે તરતજ લોકો મને વિસ્ફારિત નયનોથી જોવા લાગ્યા.

દીવાલ પર મેં બે હાથી ચિત્રેલા જોયા. મેં ચારુદત્તને કહ્યુ, "ચિત્રકારે આ ક્ષણજીવી હાથી-ઓને કેમ અંકિત કર્યા છે?" તે સાંભળી તે બોલ્યા, "શું ચિત્રથી હાથીના આયુષ્ય સમય નિશ્ચિત થઈ શકે?" મેં કહ્યું, "થઈ શકે. નાના બાળકોને બોલાવો, અને જળ લાવવાનું કહો"

તે દીવાલ પાસે જળ રાખવામાં આવ્યું. બાળકો જળથી ખેલવા લાગ્યા. ફળ સ્વરૂપે ચિત્ર જળથી ધોવાઈ ગયું, તે જોઈ સભામાં ઉપસ્થિત વ્યક્તિગણે બૂમ પાડી, "આશ્ચર્ય ! આશ્ચર્ય !" આ બૂમ મારા ગુરુના કાને પડી. સાંભળીને તે પણ આશ્ચર્ય પામ્યા,

યવનિકાના અન્તર ભાગમાંથી ગન્ધર્વદત્તા બહાર આવી, પરંતુ તેની સમક્ષ વીણાનો સ્પર્શ કરવાની શક્તિ કોઇમાં ન હતી. ત્યારે ચારુદત્ત બોલ્યા, "જો આપનામાંથી કોઇ પણ ગાવા માટે તૈયાર ન હોય તો તે ફરીને અંતઃપુરમાં ચાલી જાય" પરીક્ષકોએ પણ બહુત સમય સુધી પ્રતીક્ષા કરી. પછી બોલ્યા, "તે જઈ શકે છે" ત્યારે મેં કહ્યું, "કેમ ! શા માટે ચાલી જાય ? હું તેની પરીક્ષા લઈશ." ત્યારે જનતા મારી તરફ જોવા લાગી, અને પરસ્પર કહેવા લાગી, "તે ધરતીનો મનુષ્ય નથી, તે કોઈ દેવ છે અગર વિદ્યાધર છે. સાહસિક છે, પ્રતિભા સંપન્ન છે સુંદર છે."

વણિકે વીણા લાવવાનું કહ્યું, વીણા આવતાં તે મારા હાથમાં દેવા લાગ્યા. મેં ન લીધી. મેં કહ્યું, "વીણામાં દોષ છે; તેથી તે વીણા હું નહિ વગાડી શકું." વીણાની તપાસ કરવામાં આવી. જણાયું–વીણાના તારમાં સૂક્ષ્મ વાળ ચોંટી ગયો હતો. બીજી વીણા મંગાવવામાં આવી. મેં કહ્યું, "આ વીણાના સુર કર્કશ છે; કારણ કે આ વીણાનું લાકડું એ વનનું છે કે જેને આગ લાગી હતી. તેની સત્યતાની પરીક્ષા કરવા વીણા બનાવનારને બોલાવવામાં આવ્યો. તેણે તે વાત સ્વીકારી લીધી. વળી ત્રીજી વીણા લાવવામાં આવી, મેં કહ્યું, "આ વીણા તે લાકડામાંથી બનાવી છે કે જે ઘણા દિવસ પાણીમાં પડી રહ્યું હતું. તેથી તેમાંથી શુદ્ધ સ્વર બહાર ન આવી શકે. તપાસમાં મારી વાત સાચી નીકળી ત્યારે જનતાના આશ્ચર્યની કોઈ સીમા ન રહી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પછી ગન્ધર્વદત્તાની વીણા લાવીને મને આપી તે વીણા ચન્દનના લેપ વાળી હતી, પુષ્પોથી સુશોભિત હતી અને સપ્તતંત્રી વિશિષ્ટ હતી–તે વીણા હાથમાં લઇ મેં કહ્યું, "આ વીણા નિર્દોષ છે, ઉત્તમ પ્રકારની છે. પણ જે આસન પર હું બેઠો છું ત્યાંથી તે વીણા સુંદર રીતે વગાડી શકાશે નહિ, પછી મને કીંમતી સ્વતંત્ર આસન આપવામાં આવ્યું. ચારૂદત્તે કહ્યું, "ભદ્ર, જો તમે વિષ્ણુકુમારનું ગીત જાણતા હો તો તે ગીત સુણાવો. મે કહ્યુ, હું જાણુ છું, તે ગીત મેં વિદ્યાધરો પાસેથી સાંભળ્યું છે. તે સાંભળી એકી અવાજે જનતા બોલી ઉઠી, "તે વિષ્ણુકુમાર કોણ હતા? તે ગીત કેવા પ્રકારનું છે?

મેં ટૂંકમાં વિષ્ણુકુમાર પ્રસંગ જણાવ્યો. શ્રમણોની રક્ષા માટે તેમણે નમુચી પાસે ત્રણ પગલાં જેટલી ભૂમિ માગી કેવી રીતે તેમણે વિરાટ સ્વરૂપ ધારણ કર્યું? જગતને આચ્છાદિત કર્યું–વગેરે. ત્યારે તેમને પ્રસન્ન કરવા, દેવતાઓએ તેમજ વિદ્યાધરોએ તેમની પ્રશસ્તિમાં જે ગીતની રચના કરી, તે આ ગીત. વિદ્યાધરોનું ગીત એટલું સુંદર હતું કે તુમ્બરૂ અને નારદે પ્રસન્ન બની, તેમને સપ્તસ્વર તન્ત્રી સાથે ગન્ધર્વ ગામ આપ્યું અને કહ્યું, આજથી તમે લોકો ગન્ધર્વ નામથી જગતમાં ઓળખાશો, જે ગીત અમર્ત્ય લોકનું છે તે હું–વસુદેવ અત્યારે સંભળાવું છું.

મેં વીણા વાદન સાથે વિષ્ણુકુમારનું ગીત શરૂ કર્યું. ગન્ધાર રાગના આરોહ અને અવરોહથી ગીત નિયન્ત્રિત હતું. મારા કંઠના સ્વર સાથે ગન્ધર્વ કન્યાએ પોતાનો કંઠસ્વર મિલાવ્યો. સ્વર મધુ થી પણ મધુર હતો, સારી સભાએ નિર્વાક અને નિસ્પન્દ બની તે ગીત સાંભળ્યું.

ચારુદત્તના આનન્દની સીમા ન રહી. તેણે હર્ષથી પ્રફુલ્લ મુખથી વિશેષજ્ઞોનો ગીત અને વીણાવાદન વિષે અભિપ્રાય માગ્યો. તેઓએ પ્રશંસા કરતાં કહ્યું, "ગીત વીણાવાદનને અનુરૂપ હતું અને વીણાવાદન ગીતને અનુરૂપ હતું. આપની પુત્રી અને આ બ્રાહ્મણ યુવક વીણાવાદન અને ગાયનમાં સરખી કુશળતા ધરાવે છે." એમ કહી સભાની પૂર્ણાહુતિ જણાવી. ચારૂદત્તે સન્માન સાથે સહુને વિદાય આપી

પછી ચારુદત્ત નજીક આવી બોલ્યા, "સંગીતમાં વિજય પ્રાપ્ત કરી આપે મારી કન્યા મેળવી લીધી છે. મારી ઈચ્છા છે કે આપ તાત્કાલિક તેનું પાણિગ્રહણ કરો, લોકોકિત છે કે બ્રાહ્મણ, ચાર કન્યા ગ્રહણ કરી શકે છે, બ્રાહ્મણ કન્યા, વૈશ્ય કન્યા, ક્ષત્રિય કન્યા. અને શુદ્ર કન્યા, વળી મને લાગે છે કે ગન્ધર્વદત્તા આપને યોગ્ય છે અને કોઈ કોઈ બાબતમાં આપથી અધિક શક્તિશાળી બની શકશે.

મેં વિચાર્યું "મારાથી અધિક પ્રતિભાશાળી કહેવામાં શું તાત્પર્ય હશે? પણ આ અવસર પ્રશ્ન કરવાનો નથી. મને અંતઃપુરમાં લઇ ગયા. મારી પરિચર્યા કરવાને કેટલીએ પરિચારિકાઓ પ્રતીક્ષા કરતી હતી. તેમણે મને રાજા સમાન માન આપ્યું. તેમના હાથથી નવીન વસ્ત્રો તથા અલંકારો પહેર્યા. માંગલિક ક્રિયા પૂર્ણ થતાં વયોવૃદ્ધા સાથે વિવાહ સભામાં હાજર થયો. ત્યાં ચારુદત્તનો સમસ્ત પરિવાર એકત્રિત થયેલ. બાળાઓ મને જોઈને અંદર અંદર કહેવા લાગી, છેવટે ગન્ધર્વદત્તાને યોગ્ય પતિ મળી ગયો 'રૂપમાં તો તે કામદેવ જ છે.

પછી ગન્ધર્વદત્તાને મારી પાસે લાવવામાં આવી. મને તે વિદ્યાદેવી સમાન લાગી. તેનો પરિમંડળ નવા ઉગેલ સૂર્ય સમાન પ્રકાશમય હતો.

કુળની સ્ત્રીઓએ જ્યારે ગન્ધર્વદત્તાને મારી પાસે બેસાડી ત્યારે ચારુદત્તે મને કહ્યું, "ભદ્ર કુળ અને ગોત્ર જાણવાથી શું? અગ્નિમાં તમે શમીપત્ર નાંખો અને કન્યાને પણ તેમ કરવા દો."

જ્યારે ગન્ધર્વદત્તા ચારુદત્તની પુત્રી છે તો તેમણે આમ કેમ કહ્યું? હું કંઈક આશ્ચર્ય પામ્યો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પણ તે ભાવ છૂપાવીને કહ્યુ, "જેવી આપની આજ્ઞા" પરંતુ ચારુદત્ત મારો ભાવ સમજી ગયા. તેમણે કહ્યું, "ભદ્ર, મેં એમ શા માટે કહ્યું તે પછીથી જણાવીશ, રત્ન જ્યાં સુધી અલંકારમાં જડવામાં ન આવે ત્યાસુધી મર્યાદા મેળવી શકે નહિ."

રીતિ મુજબ મેં શમીપત્ર અગ્નિમાં મૂક્યું. ચારુદત્તે ગન્ધર્વદત્તાનો હાથ મારા હાથમાં સોંપ્યો, લગ્નવિધિ પૂર્ણ થતાં મને વાસરગૃહમાં લઇ ગયા. તે રાત્રિ આનન્દપૂર્વક વીતી.

કેટલાક દિવસ બાદ સુગ્રીવ અને જયગ્રીવે ચારુદત્ત પાસે આવી કહ્યું, "ગન્ધર્વદત્તાની બહેનપણી શ્યામા અને વિજ્યાને ગન્ધર્વદત્તાની અનુમતિ લઇ મારી સેવામાં આપી દો."

ચારુદત્તે મને વાત કરી. મેં તે બાબત ગન્ધર્વદત્તાને કહેવાનું કહ્યું, 'તેનો મત મારો મત' ગન્ધર્વદત્તાએ સહર્ષ સ્વીકારી લીધું. આ રીતે શ્યામા અને વિજ્યા પણ મને પત્ની રૂપે મળી, પણ વધારે પ્રેમ તો ગન્ધર્વદત્તા પર હતો.

આ પ્રકારે ઘણાં દિવસ વીતી ગયા. એક મધ્યાન્હ સમયે ભોજન પતાવી, બહારના ઓરડામાં હું આરામ કરતો હતો ત્યારે ચારુદત્ત આવ્યા, વાતમાં ને વાતમાં કહેવા લાગ્યા, "તે દિવસે મેં આપને કહેલું કે ગન્ધર્વદત્તા આપને માટે અપયુક્ત નથી જ. કંઇક કંઇક બાબતમાં તમારાથી અધિક પ્રતિભાશાળી પણ છે. જો સમય હોય તો તેનું કારણ બતાવું.

મેં કહ્યું, "મારી પાસે પૂરતો સમય છે, વળી તે સાંભળવાની મારી પ્રબળ આકાંક્ષા છે" ચારુદત્તે બતાવવાનો પ્રારંભ કર્યો.

ચંપાનગરમાં ભાનુ નામે એક શ્રેષ્ઠી રહેતો હતો. તે શ્રમણ-ઉપાસક તેમજ જીવ-અજીવનો જાણકાર હતો. તેની પત્ની પણ શ્રમણોપાસિકા હતી. તેમને ઐશ્વર્યની કોઈ કમીના ન હતી. પરંતુ મનમાં શાંતિ ન હતી. કારણ કે તેમને કોઈ સંતાન ન હતું. સંતાન માટે તેમણે શું શું ન કર્યું? દેવ-દેવીઓની ઉપાસનાથી માંડી, સાધુ-શ્રમણોની ઉપાસના સુધી. પણ કોઈથી કશું ન થયું.

એક સમયની વાત છે. વ્રત ગ્રહણ કરીને શેઠ તથા તેમની પત્ની જે સમયે જિનેશ્વરની ઉપાસના કરી રહ્યા હતા ત્યારે ચારણ મુનિ ચારૂ ત્યાં આવ્યા, તેમને જોઇને બન્ને ઉભા થયા અને તેમને વંદન-નમસ્કાર કર્યા. ધર્મલાભ આપતા આપતા, ચારણ મુનિએ તેમના કુશળ સમાચાર પૂછ્યા.

મુનિ ભગવંતનું પ્રવચન પૂર્ણ થતાં, શેઠની પત્નીએ તેમને પૂછ્યું, "ભગવન્, અમારી પાસે પુષ્કળ ધન છે પણ સંતાન નથી. આ ધનનો ઉપયોગ કોણ કરશે? કોણ અમારી વંશ-રક્ષા કરશે? આપ ત્રણ કાળનું જાણો છો, તેથી આપ પાસેથી જાણવા માગીએ છીએ કે શું અમારે ક્યારેય સંતાન નહિ થાય?

ચારણ મુનિએ પ્રત્યુત્તર આપ્યો, "શ્રાવિકે, તમે, ધર્મ-આરાધન કરો, તાત્કાલિક આપને પુત્ર થશે." એમ કહી તેઓ અદૃશ્ય થઈ ગયા.

સમય જતાં, ભદ્રા ગર્ભવતી બની. દોહદપૂર્ણ થતાં, એક પુત્રને જન્મ આપ્યો, તે પુત્ર-એજ હું. ચારણ મુનિના કથન બાદ મારો જન્મ થયો હતો, તેથી નામ રાખ્યું ચારુદત્ત.

મારા પિતાજીને પાંચ મિત્રો હતા, તેમાંના દરેકને મારા જન્મ પછી પુત્ર થયા, તેથી હું તેઓની સાથે ખેલ-કૂદ કરતો-કરતો મોટો થયો. તેમના નામ હતા હરિશીર્ષ, વરાહ, ગોમુખ, તન્વગ અને મરુભૂતિ.

કિશોર અવસ્થામાં અમને વિદ્યા-શિક્ષા માટે મોકલવામાં આવ્યા. વિદ્યા પ્રાપ્ત કરી અમે શ્રાવક ધર્મ ગ્રહણ કર્યો.

તે દિવસે પૂર્ણિમાનો ઉત્સવ હતો. તે ઉત્સવ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જોવા તેમજ અર્હત્ દેવોની ઉપાસના કરવા અમે અંગ મન્દિરના ઉદ્યાનમાં ગયા. આ ઉદ્યાનમાં અર્હત્ ભગવાનનું ચૈત્ય હતું.

અમે નોકરો સાથે ઉદ્યાનમાં આમતેમ ફરતાં એક કુંજ વિતાનમાં પહોંચ્યા. ત્યાં પ્રાચીન સમયના અનેક મોટા મોટા વૃક્ષો હતા. તે દૂરથી પૂંજીભૂત મેઘ સમાન લાગતા હતા. તેમની ડાળીઓ ઉપર પક્ષીઓ કલરવ કરી રહ્યા હતા. ટોચ ઉપર સફેદ પુષ્પોના ઝુમખાં હતા. અમે લતા-વિતાનોની બાજુઓથી વૃક્ષોની શ્રેણીઓ વટાવતા આગળ વધ્યા. છેવટે અમે રજતવાલુકા નદીને કાંઠે આવી પહોંચ્યા. નદીનું પાણી જેવું સ્વચ્છ હતું તેવી રેતી પણ શુભ્ર હતી આ સ્થળ એટલું મનોરમ હતું કે થોડો સમય ત્યાં રોકાવાનો નિશ્ચય કર્યો અને નોકરોને મંદિરમાં રાહ જો જો-એમ કહી વિહાર કર્યો.

નોકરો ગયા બાદ મરૂભૂતિ જલમાં ઉતરી પડયો. તેણે બૂમ પાડી, "કેમ ઢીલ કરો છો? ચાલ્યા આવો." ગોમુખે જવાબ આપ્યો, "અમે કેમ રોકયાતેનું કારણ તું જાણતો નથી."

મરૂભૂમિએ પૂછયું: "કયું કારણ તે જણાવશો કે?" ગોમુખે કહ્યું, "અવશ્ય, વૈદ્યો કહે છે કે દીર્ઘ ભ્રમણ બાદ તરતજ પાણીમા ઉતરવું તે ઉચિત નથી: જો ઉતરશો તો પગના તળિયા અને પગની બન્ને ધમનિયોનું લોહી ઉર્ધ્વગતિ પામી; કંઠ-ભાગ પર ચઢી આવે છે. જે એ ધમનિઓ આંખોમાં લોહી પહોંચાડે છે, તેમની રક્ષા માટે, ઉત્તપ્ત દેહ સાથે જળમાં ઉતરવુ કદાપિ ઉચિત નથી. જો ઉતરશો તો કયાં અંધ અગર બહેરા બનશો

મરૂભૂતિએ બૂમ પાડી કહ્યુ, "તેની વાત નહિ માનતા, ગોમુખ બધી બાબતોમાં વધારે સાવધાન રહે છે, આઓ, આઓ."

ત્યારે અમે પાણીમાં ઉતર્યા અને પાણીથી ખેલવા લાગ્યા, નજીકમાં રહેલ જળાશયમાં ઘણાં પદ્મફુલ ખીલ્યા હતા. અમે કમળ પત્રો લાવીને જુદી જુદી આકૃતિ બનાવવા લાગ્યા. ગોમુખે નૌકા જેવી આકૃતિ બનાવી તેમાં થોડી વેળુ ભરી, પાણીમાં વહેતી મૂકી. પાણીમાં તે વહેવા લાગી, તે જોઈને મરૂભૂતિએ પણ એવી નૌકા બનાવી જળમાં વહેતી મૂકી. પણ રેતી વધારે ભરવાથી તેની નૌકા ડૂબી ગઈ. તે જોઈ અમે સહુ હસી પડયા.

પછી મરૂભૂતિએ બીજી નૌકા બનાવી, વહેતી મૂકી, ગોમુખ વિજયી બન્યો, કેમકે પ્રવાહના વેગને કારણે મરૂભૂતિ તેની નૌકાને પકડી ન શકયો. તેની પાછળ જતાં, પ્રવાહમાં ઘણે દૂર નીકળી ગયો. તે ત્યાંથી બૂમ પાડવા લાગ્યો, "અરે આઓ! કેવી આશ્ચર્યજનક વસ્તુ મારી નજરે પડી છે? તમે પણ આઓ.

હું પણ બૂમ પાડી બોલ્યો, "સૌમ્ય, તને ત્યાં શું આશ્ચર્યજનક નજર પડયું છે?"

તેણે મોટેથી કહ્યું, "પ્રિય ચારૂ, આવી વસ્તુ પૂર્વે મેં કદી જોઈ નથી, જો જોવી હોય તો જલ્દી આઓ."

ગોમુખ વચ્ચે બોલી ઉઠયો, "તેમાં કશું નથી બહુ તો વૃક્ષનું મૂળ પથ્થર ભેદીને બહાર આવ્યું હશે. અથવા તો હંસિનીને પોતાના બચ્ચાંઓને ખવડાવતી જોઈ હશે, અથવા તો કોઈ નાના કીડાને ઝીં-ઝીં કરતો સાંભળ્યો હશે મેં બૂમ પાડી કહ્યુ, "ત્યાં છે શુ? તેણે કહ્યું, "તે માટે તર્ક કરવાથી શો લાભ? જે આશ્ચર્યજનક છે તે તો આંખોથી જોવું જોઇએ.

મરૂભૂતિ માટે અમે નદી ઉતરીને તેની પાસે પહોંચ્યા. તે નદી તરફ અંગુલી બતાવી બોલ્યો, 'તે જુઓ.'

તે તરફ નજર નાખી ગોમુખ બોલ્યો, આ નદી-તટ પર એવું શું જોવા જેવું છે? આવો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નદી કાંઠો દરેક જગ્યાએ જોવા મળે છે.”

“ના, એમ નથી” એમ કહી મરુભૂતિએ નદી-તટની સફેદ રેતી પરના ‘બે પગલાં’ તરફ અમારૂં ધ્યાન ખેંચ્યું, ગોમુખ વ્યંગમાં બોલ્યો, “જો આ જ આશ્ચર્ય હોય તો આવાં આશ્ચર્ય હંમેશ નદી તટ પર આવી જોઈ શકાય.

મરુભૂતિએ કહ્યું, “એ પગલાંના ચિન્હો સાધારણ નથી. જે એક પછી એક અંકિત બને છે, આ ચિન્હો વચ્ચે વચ્ચે વિચ્છિન્ન છે, માટે પરીક્ષણીય છે. તે સાંભળી, હરિશીર્ષે કહ્યું, “તેમાં આશ્ચર્ય શું? કોઈ વૃક્ષ પર ચઢેલ હશે, અને એક ડાળથી બીજી ડાળ પર ફર્યો હશે. કોઈ ડાળ નીચે નમાવી અહીં ઉતરી ગયો છે, ફરી પાછો ચઢી ગયો છે.”

ત્યારે ગોમુખે માંથું હલાવીને કહ્યું, “ના, એમ નથી, એમ બન્યું હોય તો અહીં તહીં તાજાં ફુલ-પાંદડા નીચે પડે. તેમ તો આપણે અહીં જોતા નથી.”

હરિશીર્ષ બોલ્યો, “એ વાત બરાબર છે. તેમ છતાં આ પદ-ચિન્હો કોના છે?”

ગોમુખે જવાબ આપ્યો, “કોઈ અમરવાસી કે જે ઉડી શકતો હોય તેના.”

હરિશીર્ષે કહ્યું, “તે કોન છે? દેવતા, રાક્ષસ, ચારણ કે કોઈ લબ્ધિ સંપન્ન મુનિ?”

ગોમુખે કહ્યું, “ના, તે દેવતા નથી, કારણ કે દેવના પગ જમીનને સ્પર્શતા નથી.”

‘તિથ્થયર’ના સૌજન્યથી


## પ્રગટ થઈ ચૂકેલ છે

**સુમતિનાથ ચરિત્ર ભાગ-૧ લો** તથા **શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૨ જો** જેની મર્યાદીત નકલો હોવાથી તાત્કાલિક મંગાવી લેવા વિનંતી છે. અને તે બન્ને ભાગો મૂળ કીંમતે આપવાના છે.

**શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૧ લો** (પૃષ્ઠ સંખ્યા-૨૨૪) કીંમત રૂપિયા પંદર.

**શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૨ જો** (પૃષ્ઠ સંખ્યા-૪૪૦) કીંમત રૂપિયા પાંત્રીશ.

—: સ્થળ :—

**શ્રી જૈન આત્માનંદ સભા**

ઠે. ખારગેટ : ભાવનગર : (સૌરાષ્ટ્ર)

**તા. ક. :** બહારગામના ગ્રાહકોને પોસ્ટેજ ખર્ચ અલગ આપવાનો રહેશે.




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અસીમ કૃપા
## શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુની

મહાન પર્વના આગમનની છડી પોકારાઈ. આ ઉત્તમ પર્વના દિવસો તીર્થસ્થળમાં પસાર થાય તો કેવું સારું! પુનિત વિચારને આવકાર્યો. શંખેશ્વરજી તરફ પ્રયાણ કર્યું. પહોંચીને તપાસ કરી તો કોઈ રૂમ ખાલી નહીં. પ્રયાસના ફળ સ્વરૂપે કબાટનું એક ખાનું મળ્યું. પ્રભુજીના રાત્રે દર્શન કરી, ખાનામાં કપડાં તેમજ પૈસા સાચવીને મૂકી, તાળું લગાવ્યું. તાળું પણ હતું સારી કિંમતનું. એટલે ચિંતા ન હતી. તેવામાં લાઈટ ગઈ. ચોમેર અંધકાર છાઈ ગયો.

ચોકમાં ગાદલું પાથરી રાખ્યું હતું. તેથી તે તરફ ગયો. આવતી કાલનો કાર્યક્રમ વિચારવાનું શરૂ કર્યું. સવારના વહેલા જાગી, જાપ કરવા બેસી જવું. તરતજ ખીસા તરફ હાથ વળ્યો. પણ ચાવી ન જડી. હવે શું કરવું? મુંજવણની કોઈ સીમા ન હતી. બે ચાર વખત તમામ ખીસા તપાસી લીધાં, પૂજાની જોડ, ટુવાલ વગર સવારે નાહીને મંદિરે જવાનું કેમ બનશે? જાપ કેમ થશે? ઘેરી ચિંતાએ મનને ઘેરી લીધું. તાળું તોડવાનો વખત આવે તો– આઠ, નવ વાગ્યા સિવાય કેમ બની શકે?

રાત્રિનો અંધકાર, લાઈટ બંધ અને મનના મનોરથોનો ભુક્કો નજરે પડતાં, ખૂબ દુઃખ થવા લાગ્યું. પાર્શ્વનાથ પ્રભુને આર્ત સ્વરે વિનંતી કરી. પ્રભુજી! કસોટી-અને આ રીતની? અઠ્ઠમની ભાવના છે. જાપ જપવાનો છે–વગેરે વિચારોની હારમાળા ચાલુ અને પ્રભુજીનો સાથ માટેનો પુકાર–પવન વેગે દોડતા બન્યા, સામે નજર નાખી તો નાનકડું ટમટમિયું બુઝાવાના વાંકે મંદ મંદ પ્રકાશ પોતાનીજ આસપાસ પ્રસારે, ચાવી વગર શું થશે? આજુબાજુ જમીન પર હાથ વતી ફાંફા મારવા શરૂ કર્યા પણ પરિણામ શૂન્ય. મતિ મુંઝાવા લાગી. એ વખતે ટમટમિયા પાસે બેઠેલ મુનિએ બૂમ પાડી–એ ભાઈ! રાત્રિના આમ શું ફર્યા કરો છો? ભીતિમાં એકનો ઉમેરો થયો. માંડ માંડ જવાબ વાળ્યો, "ભાઈ સાહેબ ચાવી ખોવાઈ છે. તે શોધવા પ્રયત્નો કરૂં છું" રાત્રિનો સમય ૧૧–૧૫ લગભગ. તે વખતે તેણે કહ્યું, "અહિં આવો, જુઓ આ તમારી ચાવી છે? પાંચ મિનિટ પહેલાં જ એક ભાઈ આપી ગયાં" મારા હૃદયમાંથી શબ્દો શરી પડયા "વાહ પ્રભુ! વાહ શંખેશ્વરા નાથ!"

આનંદની અવધિ ન હતી. સવારના વહેલો જાપ શરૂ કર્યો. કદી ઉપવાસ ન થઇ શકે છતાં અઠ્ઠમ કરવાની ભાવના થઈ; એટલું જ નહિ અઠ્ઠમ પણ શાંતિ પૂર્વક થઇ ગયો.

હે નાથ! આપની નિશ્રામાં મનોરથો સિદ્ધ થાય જ–તેમાં નવાઈ પામવા જેવું શું?

લી. **ચત્રભુજભાઇ શામજી**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




હપ્તો ૧૦ મો : ( ગતાંકથી ચાલુ )

આપઘાત કરવા ગઈ હતી ત્યાંથી પાછી ફરીને નભોવાહનની સાથે લગ્ન કરવા તૈયાર થઈ છે તેવી ઈચ્છા વ્યક્ત કરતાં જ અમિતગતિ ઘણો આનંદિત થયો. પણ તેની સખીઓ કનકમાલાનો વિચાર જાણી આશ્ચર્યમા પડી ગઈ. એક ઘડી પહેલા તો ગળે ફાંસો ખાઇને મરવા તૈયાર થઈ હતી. ત્યાં જ ફરી તે નભોવાહન સાથે લગ્ન કરવા તૈયાર થઇ. ઘણાંજ આશ્ચર્યની વાત છે.

લગ્ન પછીનો સમગ્ર જીવન વ્યવહારનો આધાર તેના પર હોય છે. અને સુખદુઃખના તડકા છાંયા પણ સહન કરવાના હોય છે. અને લગ્નના વિષયમાં કનકમાલા આટલી બધી ચંચળ અને બેપરવા કેમ બની ગઈ? તે સૌને માટે આશ્ચર્ય હતું.

માનવ માત્રના જીવનમાં બે પાસા હોય છે સુખ–દુઃખ, શ્રદ્ધા–નિરાશા, આનંદ–શોક એમ પ્રત્યેક માનવીના જીવન સાથે આવા પ્રત્યાઘાતો તો તેની સાથે પડછાંયાની જેમ જ ફરતા હોય છે.

લગ્નના વાજીંત્રોનો નાદ મારા કાનમાં તીરની જેમ ભોંકાવા લાગ્યો. માનવી માત્રને મધુર ગીત–સંગીત કે સુંદર સ્વર જીવનને આનંદ પમાડતા હોય છે પણ જ્યારે તે નિરાશા અને હતાશાના સમયમાંથી પસાર થાય છે ત્યારે મધુર સંગીત પણ કારમું લાગે છે. અમૃત ભોજન પણ ઝેર જેવું લાગે છે.

ચિત્રવેગને માટે તો આજે આ લગ્નના મધુર સ્વરો તીરની જેમ ખુંચતા હતા.

કનકમાલાના લગ્નનો આખરી દિવસ આવી પહોંચ્યો, તેથી ચિત્રવેગની ધીરજ હવે ખુટી ગઇ હતી. હવે તો તેને જીવવું પણ નિરર્થક લાગતુ હતું.

ભાનુવેગે મને કહ્યું! ભાઇ તે પ્રથમ જે સ્વપ્ન જોયું તેનો અર્થ હવે કાંઇક સમજાય છે. કે પુષ્પમાળા જે ગળામા કોઈ આરોપણ કરતું હતું તે પડી ગઇ અને કરમાઈ ગઈ તેના આ પ્રશ્નના પ્રતિકુળ ફળ રૂપે તો નહિ હોય?

છતાં સ્વપ્નમાં તે પડીને અને કરમાઈ ગયેલી માળા મારા મિત્રે સજીવન કરી મારા કંઠમાં પહેરાવી છે તેથી તો તનુ સારૂ ફળ મળે તેવી અંતરના ઉંડાણની એક જીવંત આશા છે.

હાલમાં તો હું મારી બધીજ આશા ખોઈ બેઠો હતો. એક અજાણ્યો પુરૂષ કનકમાળાને પરણીને ચાલ્યો જશે, અને હું જીવંત છતા મૃત અવસ્થાની જેમ પડયો રહીશ તેવુ મને લાગ્યા કરતુ હતું.

અંતે તો મારી જાત ઉપર મને તિરસ્કાર છૂટયો. અને જાણે સાન ભાન ગુમાવ્યું હોય તેમ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગાંડાની જેમ ઘરેથી નિકળીને ઉદ્યાનમાં ગયો, જ્યાં મને પ્રથમવાર કનકમાળાના દર્શન થયા હતાં ત્યાં જઈને બેઠો.

સેરડીમાંથી રસ કાઢીને તેના કુંચા ફેંકી દેવામાં આવે તેમ મારા જીવનનો રસ શોષાઈ ગયો હતો. હું નિરસ બનીને નંખાઈ ગયો હતો.

મારા નજર સામે કનકમાળા બીજાને પરણવા જાય અને હું જોયા કરૂ તેના કરતાં તો આપઘાત કરીને મરવું વધારે સારૂ છે.

આવા વિચાર કરતાં જ મેં ચારે બાજુ જોયું ઉદ્યાનમાં કોઈ જ ન હતું. આજે તો ઉદ્યાન પણ ભયંકર જંગલ જેવું ભેંકાર સમુ લાગતુ હતું. મેં આપઘાત કરવાનો વિચાર કર્યો બાજુના ઝાડ ઉપર હું ચઢી ગયો. મારા વસ્ત્રનો છેડો એક ગળામાં નાંખ્યો અને બીજો છેડો ઝાડના ડાળખા સાથે બાંધ્યો અને મેં ઝંપલાવ્યું ત્યાંજ મારા ગળામાં નાંખેલુ વસ્ત્ર ભીંસાવા લાગ્યું શ્વાસ રૂંધાવા લાગ્યો, નાંડીઓ ખેંચાવા લાગી. અને ધીમે ધીમે ચૈતન્ય શક્તિ ઉડવા લાગી. મને કાંઇ જ ખબર ના પડી. આ રીતે આત્મઘાત કરવા છતાં પ્રાણ ના ગયાં. મોતના મુખમાં પડવા ગયો છતાં પાછો ધકેલાયો.

જૈન દર્શનમાં આયુષ્યની મર્યાદા જેટલી હોય તેટલી ભોગવવી જ પડે છે. બે પ્રકારના આયુષ્યમાં સોપક્રમ આયુષ્ય અને નિરૂપક્રમ આયુષ્ય તેમાં મહા પુણ્ય પ્રકૃતિવાળા આત્માઓ જ નિરાબાધપણે નિરૂપક્રમ આયુષ્ય ભોગવતા હોય છે. તેવા જીવો શારીરિક–માનસિક કે વ્યવહારિક દૃષ્ટિએ ખુબજ શાંતિથી ધર્મ આરાધના પૂર્વક પોતાનું જીવન સંપૂર્ણ ભોગવીને સમાધિ મરણને મેળવતા હોય છે અને સોપક્રમ આયુષ્યવાળા જીવો અનેક ઉપાધિ પૂર્વકનું જીવન જીવતા હોય છે. તેવા જીવોનુ જીવન મૃત્યુ બરાબર હોય છે કારણ કે જીવતા છતાં જ્યારે જ્યારે ઉપાધિ આવે ત્યારે હાય....મરી ગયો....!!! હાય....મરી ગયો....!! કરતાં મૃત્યુ સમુ જીવન જીવતા હોય છે.

થોડીવારે મેં આંખો ઉઘાડી જોયું તો સુકોમળ પલ્લવોની શૈયા ઉપર હું સુતો હતો એક અજાણ્યા પુરૂષને હીમ સમાન શીતળ જળ પુનઃ પુનઃ મારા ગળામાં સીંચતો અને પવન વિંઝતો મારી પાસે બેઠેલો જોયો.

સજ્જન પુરૂષ વાત્સલ્ય ભાવથી મારી સામે વારંવાર જોતો હતો અને મારી સેવા કરતો હતો.

આપ કોણ છો? મેં પુછયું છતાં ઉત્તર ના મળ્યો, પણ મને સુંદર સ્નેહભર્યો ઉપદેશ દીધો. તે ઉપદેશ મારા જીવન માટે મને અમૃત ભર્યો લાગ્યો.

દેવપુરૂષ જેવા લાગતા એ દિવ્ય પુરૂષને હું અનિમેષ દૃષ્ટિએ જોતો જ રહ્યો. મને થયુ કે રણસંગ્રામમાં યોદ્ધાઓ પાર વિનાના મળી આવે. કુબેરને પરાભવ પમાડે તેવા ધનિકો પણ ઘણા મળે પણ બીજાના દુખે દુખી થનારા અને પોતાના પ્રાણના ભોગે બીજાને જીવાડનારા તો વિરલા કો'ક જ મળે છે. તે પછી તો તે પુરૂષે પોતાનુ આત્મવૃતાંત સંભળાવ્યા પછી મને થયું કે હું મારા દુઃખને ખોટુ ગાઈ રહ્યો છું. ખરેખર દુનીયામાં લોકો સુખદુઃખના અપેક્ષાએ એક બીજાથી ચડીયાતા છે. તે ખોટુ નથી.

ભાઇ! તમે તો મારા કરતાં ઘણાંજ ભાગ્યશાળી છો. તમારે આત્મઘાત કરવા જેવુ કશું જ નથી વિશેષ દુઃખી હોય તો તે હું જ છું. એમ કરીને મને ઘણું જ આશ્વાસન આપ્યું.

હું ભાગ્યશાળી કેવી રીતે? એ પ્રશ્નના જવાબમાં મને તેમણે કેટલીક વાતો કરી તે મારા માટે તો તદ્દન નવી જ હતી. અને આવા સંજોગો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માં મેં પ્રાણ છોડયા હોત તો ઘણોજ પ્રશ્ચાતાપ થાત અને ભવાંતરમાં રઝળવું પડત.

એક વાત તો એવી કહી કે કનનકમાળા નભોવાહનને વરવા માગે છે તે અડધી સાચી ખોટી વાત હતી. તે નભોવાહનને લગ્ન કર્યા પછી અદશ્ય થઇ જશે અને પછી આખરે મારા સમાગમની આશા રાખશે. આ કલ્પના નહિ પણ દૈવીવાણી છે. કનકમાળા ગળે ફાંસો ખાવા જતી હતી ત્યારે આકાશવાણી થઈ હતી. આ વાત જાણ્યા પછી મને મારી ભૂલ સમજાઇ. શ્રદ્ધામાં શંકા જન્માવવી તે નર્યું ગાંડપણ છે. હું પછી તો સ્વસ્થ થયો.

તે આશ્વાસન આપનારે મને કહ્યું કે કનક-માળા અને તમારા બંનેના મન તમે જાણી શકયા છો એક જ નગરમાં રહો છો, તમે મારી કથા સાંભળો છો તો હું માનું છું કે તમે તમારૂ દુઃખ ભૂલી જશો. અજાણ્યા પુરૂષના વચનો સાંભળીને મારી જીજ્ઞાસા વધુ બળવત્તર બની.

મેં કહ્યું મારી અને તમારી સમાન કક્ષાએ દુ:ખ ભરી કથની છે. તમને હરકત ન હોય તો તમારુ જીવન વૃતાંત મને જણાવો.

ત્યારપછી પોતાની જીવન કથા તેણે કહેવી શરૂ કરી. જેમ દર્દીને બીજા દર્દીના જીવનની કથા સાંભળવામાં રસ પડે છે પણ તેના કરતાંયે એમની વાતમાં કાંઇક અધિક હતું. એમણે એક એવો માર્ગ શોધી કાઢયો કે તમે જ્યારે સાંભળો ત્યારે આશ્ચર્ય અને આનંદ પામ્યા વગર ના રહો.

ભાઈ તમારી ઇચ્છા છે, તો સાંભળો મારી વાત.

સુરનંદન નામના નગરના સ્વામી હરિશ્ચંદ્ર રાજાએ સંસારની અસારતા જાણીને રાજ્યનો ભાર પોતાના મોટા પુત્ર પ્રભંજનને સોંપીને દીક્ષા લીધી પ્રભંજન પ્રામાણીકપણે રાજ્ય ચલા-વવા લાગ્યો. અનુંક્રમે તેને બે પુત્રો થયાં એકનું નામ જવલનપ્રભ અને બીજાનું નામ કનકપ્રભ રાખ્યું બંને પુત્રો એક સરોવરમાં બે હંસો ગેલ કરતા હોય તેમ બાલ્યાવસ્થા છોડીને યુવાવસ્થાને આંગણે આવીને ઉભા રહ્યાં.

એક વખત પ્રભંજન રાજા આકાશમાં ઘેરાતાં વાદળોની શોભા જોઈ રહ્યા હતાં. મેઘના વિવિધ રંગો ખીલ્યા હતાં.

જેમ ચીત્રકાર ભાતભાતના રંગોથી સુંદર ચીત્ર ઉપસાવે છે. તેમ કુદરત આજે આકાશમાં વિવિધ રંગોથી સૌંદર્યભર્યા દશ્યો અંકીત કરતી હતી વિવિધ ચિત્ર ઉપસતા હતા. તેને જોવામાં પ્રભંજન જ્યાં આંખો સ્થિર કરે ત્યાંજ તે ચિત્ર ક્ષણમાં જ વિલિન થઈ જતુ હતું. આવુ કુદરતનું કૃત્ય જોઇ પ્રભંજનના હૈયામાં ઘેરી અસર થઇ આકાશમાં રંગબેરંગી વાદળાથી આલેખાતા નયનરમ્ય ચિત્ર જોઇને આનંદ થયો, પણ બીજી જ ક્ષણે તે ચિત્ર વાદળમાં વિખરાતુ જોઇ સંસા-રની અસારતા પણ આવી જ છે. સંસારનું ક્ષણિક સુખ વાદળા જેવું છે. સર્વ ક્ષણિક છે. તેવું વિચારતા વિચારતા અંતરમાં વૈરાગ્ય દઢ બન્યો અને સંસારનો ત્યાગ કરી સુઘોષ નામના મુનીંદ્ર પાસે પોતાનું જીવન સમર્પણ કર્યું.

પ્રભંજનના પુત્રોમાં કોઈ અકળ કળાએ ખટપટના બીજ રોપ્યાં. જવલનપ્રભ મોટો હોવાથી પિતાએ તેને રાજગાદી આપી અને કનકપ્રભને પ્રજ્ઞપ્તિ વિદ્યા આપી. તેણે વિદ્યાના બળથી ગર્વિષ્ઠ બનેલા કનકપ્રભ વાતવાતમાં પોતાના મોટાભાઇને ધમકાવવા લાગ્યો. ઘરમાં કલેશ ન થાય અને સામંતો કે માંડલિકોમાં રાજકુટુંબની હાંસી ન થાય તે કારણે જવલનપ્રભ રાજ્ય છોડી પોતાના સસરા ભાનુગતિ પાસે અમરચંચા નગરીમાં જઈને રહ્યો. અને કનક-પ્રભ સ્વછંદપણે રાજતંત્ર ચલાવવા લાગ્યો. મહારાજા પ્રભંજનને એક બહેન હતી, તેનુ નામ બંધુસુદરી હતું. તેના પતિનુ નામ ભાનુગતિ હતું. ભનુગતિને એક પુત્ર એક પુત્રી એટલો જ પરિવાર હતો, પુત્રી ચિત્રલેખા (જવલનપ્રભની





For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્રો) અને પુત્રનું નામ ચિત્રગતિ તે હું પોતે. અત્યાર સુધી છૂપો રાખેલો પરિચય ચિત્રગતિએ સ્પષ્ટ કર્યો.

એક દિવસ સારૂ નક્ષત્ર જોઈને મારા પિતાએ જવલનપ્રભને રોહિણી નામની વિદ્યા આપી અને તેની સાધના કરવા માટે જંગલમાં એકાંતમાં મોકલ્યાં આ વિદ્યાની સાધના ઘણીજ ગહન હોય છે. હંમેશા કહેવાય છે કે શ્રેયાંસે બહુવિઘ્નાનિ સારા કાર્યમાં ઘણાંજ વિઘ્નો આવે છે. – સાધક આત્માએ શ્રદ્ધા સત્વ અને શક્તિથી સાધનામાં દૃઢ બનવું પડે છે. સાધનાની સફળતાનું પરિણામ જ સિદ્ધિ છે. સાધના કરતા કરતા જવળનપ્રભને છ છ માસ વિતિ ગયાં. અને તેમાં પણ એક મહિનો છેલ્લો તો કસોટિ ભર્યો બની ગયો. અને છેલ્લો એક મહિનો મારે એક બીજાના રખેવાળ તરિકે વ્યતિત કરવાનો હતો.

જવલનપ્રભે સાધના શરૂ કરી. અને હું તો તલવાર ખુલ્લી રાખીને વિઘ્ન નિવારણ માટે પહેરો ભરતો હતો.

ભયાનક જંગલમાં દિવસે પણ અંધકાર વ્યાપેલો જણાતો હતો. સૂર્યના કિરણોના દર્શન પણ કયાંક કયાંક પરાણે થતા હતાં. ઘટાટોપ ઝાડીઓ અને વનરાજીઓનો તો પાર નહિ, ઝાડ ઉપર પણ દોરડાની જેમ સર્પો લટકતા હતાં, કયાંય કયાય તો ભયંકર અવાજો આવતા હતા. ભેંકાર સમા જંગલમાં જયાં એક બાજુ દૃષ્ટિ પડી તો જાણે મારી સગી બહેન ચિત્રલેખા ઘા નાખતી દોડતી અમારી તરફ આવતી હતી. તેના મો પર ભય અને વિહવળતા ને ઉદ્વેગતાની લાગણીઓ તણાઇ આવતી હતી.

બ્હેન ! આ ભયંકર અરણ્યમાં તું એકલી શા માટે આવી અને તારા મુખ ઉપર આટલો ભય કેમ દેખાય છે? એમ મેં દુરથી જ તેને કહ્યું, એટલામાં ચિત્રલેખા મારી નીકટમાં આવી તેનો શ્વાસ તો હજુ અદ્ધર જ હતો. ખુબ જ ગભરાયેલી તેણે કહ્યું ભાઇ આજે સવારે હું કામદેવના મંદિરમાં કામદેવની પૂજા કરતી હતી ત્યાં એક પુરૂષ આવી ચઢયો, કોણ જાણે કેમ તેણે મારા ઉપર કામણ કર્યું અને હું ભાન ભૂલી તેની પાછળ પાછળ જવા લાગી. પણ પછી તો મને કાંઈક ભાન આવ્યું એટલે હું તેની નજર ચૂકવવાને ભાગી ગઇ અને દોડતી દોડતી અહીં આવી. એ વાતો કરતી હતી ત્યાંજ ફરી પાછો રાક્ષસ ત્યાં આવ્યો અને ચિત્રલેખાને ખભે ઉપાડીને ચાલતો થયો. રાક્ષસનું. સાહસ જોઈ આશ્ચર્યમાં પડી ગયો. તલવાર મારા હાથમાં હતી પણ હું વિચારતો જ રહ્યો, તે ચિત્રલેખાને ઉપાડી કયાંય દૂર નીકળી ગયો. હું તેની પાછળ દોડયો પણ પછી તો શું થયું તે હું કહી શકતો નથી. પેલા કુટીલ પુરૂષે તો કોઈ મોહિની વિદ્યાનો ઉપયોગ કર્યો ને જાણે શું બન્યું પણ દોડતાં દોડતાં ઉદ્યાનમાં આવ્યો અને શ્રી ઋષભદેવ પરમાત્માના ભવ્ય જિનમંદિરમાં ગયો ત્યાં મેં ભાવથી ચૈત્યવંદન કર્યું. અને પછી બહાર નીકળ્યો. બહાર આવતાં જ જવલનપ્રભે મોકલેલો દૂત મને મળ્યો. તેણે મને કહ્યું તમે તમારી બહેનને બચાવવા નીકળ્યા હતા ખરૂને? મેં શરમ અને સંકોચથી કોઈ જવાબ ન વાળ્યો. મારી આ વિચાર ભરી મુદ્રા દુત જોતો જ રહ્યો. અને મારા મનના ભાવ જાણી ગયો. પછી તો મેં કહ્યું તે ન તો તારી બહેન હતી ન તો કોઈ રાક્ષસ હતો. તમને ભરમાવવા માટે પોતાની વિદ્યાના બળથી જાદુઇ રચના કરી હતી

આનંદ અને સંતોષની મિશ્ર લાગણીઓના પ્રવાહમાં હું તણાવા લાગ્યો, મેં પૂછયું પણ.... કનકપ્રભ મને શા માટે ભરમાવે? મેં તેનું શું બગાડયું છે.

દુતે જવાબ આપ્યો! એ તો આવ્યો હતો. જવલનપ્રભને છળવા માટે કારણ કે જવલનપ્રભ જો રોહીણીની વિદ્યા સાધે તો કનકપ્રભ ઝાંખો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પડી જાય તેવું હતું, પણ તે જ્વલનપ્રભને ડરાવી પણ ન શકયો. અને તમે માયાજાળમાં સપડાઇને અહીં સુધી આવી ગયા.

જ્વલનપ્રભની તેજસ્વી કાયા. મુખ ઉપર સાધનાનું શૌર્ય, ઢળતા નયનો, અને ધ્યાનની એકાગ્રતા, તેની સાધનાની સિદ્ધિનું દર્શન કરાવતા હતા.

થોડી જ વારમાં દિવ્ય પ્રકાશ પથરાયો અને વિદ્યાદેવીનું આગમન થયું. તે પ્રસન્ન થઈ છે. એ સમાચાર પણ દુતે જ આપ્યાં. હું તે દુતની સાથે પાછો ફરતો હતો. અને અડધો માર્ગ કાપ્યો. પણ ત્યાં તો એક અદ્ભૂત પ્રસંગ બન્યો કે આખી બાજી બદલાઈ ગઈ અને જાણે ગાડુ જુદા ચીલા પર ચઢી ગયું.

અને એવું બન્યું કે ઋષભદેવના સ્નાત્ર મહોત્સવ માટે હજારો રથ, હાથી, ઘોડા, સુખાસનો વગેરેની ઠઠ્ઠ જામી હતી. કોઈ રથમાં બેસીને કોઈ ઘોડા પર તો કોઇ હાથી પર એમ પોતપોતાને રસ્તે જતા આવતા હતાં. એટલામાં એક મદોન્મત્ત હાથી અંકુશમાં ન રહ્યો. લોકો તેને જોઈ નાશ ભાગ કરવા લાગ્યાં. ત્રાસ વર્તાવતો હાથી જાણે યમરાજ જ જોઇ લ્યો ! મારી નજર સામે જ હાથીએ એક રથ ઉપર આક્રમણ કર્યું. રથ ઉપર ધસી આવતા હાથીને જોઇ અંદર બેઠેલી દેવબાળા જેવી એક રૂપ અને લાલિત્ય નીતરતી એક યુવતી ગભરાયેલી બહાર નીકળી. બાજુમાં ઘોડાઓ પણ ભડકીને ભાગવા લાગ્યાં યુવતીના કર્ણના કુંડલો કયાંય સરી પડયાં. સુગંધી કેશકલાપ વિખરાઈ ગયાં. કટિમેખલાઓ છૂટી પડી ગઈ. દેહ પર રહેલું ઓઢણું પણ સરી પડયું, ભય અને સંકોચની લાગણીથી તે યુવતી જમીન પર બેસી ગઇ. હું તેન બચાવવા હાથી પાસે આવ્યો.

મારી જાતની પરવા કર્યા વગર તેની સામે પ્રતિકાર કરવા તૈયાર થયો. પણ હાથી બીજા રસ્તે ચાલ્યો ગયો. પણ યુવતીને ભયની વ્યગ્રતામાં મૂર્છા આવી ગઈ હતી. મુર્છિત તે યુવતીને ઉપાડીને હું સલામત સ્થળે લઈ ગયોં. ત્યાં થોડો પવન નાંખ્યો, ઠંડુ જળ તેના તેજસ્વી મુખ ઉપર નાંખ્યું, કરમાયેલુ પુષ્પ જેમ ખીલી ઉઠે. તેમ તે સ્વસ્થ થઈ મને જોઈ તેણે લજ્જાથી દષ્ટિ પાછી ફેરવી લીધી છતાં સ્નેહનો આવેગ તે છૂપાવી શકી નહિ ! શરમ અને સંકોચની લાલાશ વચ્ચે તેણીના અંતઃકરણની સ્નેહવશતા દિપકની જેમ તેના મુખ પર પ્રકાશતી હતી, હું તેની શરમના શેરડા તેના મુખ પર જોતો જ રહ્યો. પણ સ્વર્ગીય સમાગમ વધુ વખત ન રહ્યો. યુવતીની ધાવમાતા અમારી પાસે આવી પહોંચી. આ બાળાને મોતના મુખમાંથી બચાવવામાં મારી જાતને મેં હોડમાં મૂકી અને યુવતિને બચાવી. તેની ભારોભાર પ્રસંશા તે ધાવમાતા કરવા લાગી. અને મુક્ત કંઠે મારા ગુણના ગીત ગાવા લાગી. ખરૂ જોતા તો મને એ વિવેક કે વિનયની જરૂર ન લાગી.

ક્ષણિક સમાગમે પણ જાણે જુગ....જુગના જોગી હોઇએ તેવો અમારા બંનેનો પરિચય થયો. ભયના સંજોગોમાં મળવા છતાં પણ કામદેવના બાણ અમને બંનેને વિંધી રહ્યાં હતાં. અંતે અમે બંને ભારે હૈયે છૂટા પડયાં.

ક્રમશ

**તા. ક.** : સંસ્થાના આજીવન સભ્યોને ખાસ વિજ્ઞપ્તિ કે આ કેળવણી ક્ષેત્ર આપનો ઉદાર હાથ લંબાવી સંસ્થાએ હાથ ધરેલ કાર્યમાં વેગ અપાવશો:



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધનાઢયતા અને ઉદારતા

( એક લઘુ વાર્તા )

લે. ડો. ભાઇલાલ એમ. બાવીશી. M.B.B.S.F.C.G.P., પાલીતાણા

ધન એ અફીણ જેવું કે દારૂ જેવુ છે. ધન કમાયેો (બે નંબરના) પોતાના કરેલા પાપો ધોવાઇ જશે એમ માને છે.

હમણાંજ પ૦પૂ૦આ૦દેવશ્રી લબ્ધિસૂરીશ્વરજીએ એક ગુજરાતી ધાર્મિક શિક્ષકોનું સંમેલન બહુમાન ગોઠવેલ. જેમાં મ્હને પણ આમંત્રણ મળેલ. એટલે કે મ્હને ધર્મ પ્રતિ રૂચિ હોઈ નિમંત્રણ પાઠવેલ.

ધનાઢયો જેમ અફીણીયા જેવા હશે પણ તેમને ધનનો એટલો બધો કેફ હોય છે અને માને છે કે પોતાની જેવો કોઈ નથી. વિદ્વાનો, સાક્ષરો કે અન્ય ધનપતિઓ પોતાની પાસે આવે છે. એ આર્થિક મદદ વડે પોતે પોતાનું પુસ્તક છપાવી શકે એને સમાજ સમક્ષ મૂકી શકે

સાથોસાથ ઉદારતાની વાત કરીએ. અવશ્ય તેઓ પોતાની નમ્રતા દાખવે છે. વળી કોઇ એવા સજ્જનો હોય તો છૂટે હાથે દાન આપતો હોય છે. એમનું ધન પટારામાં મુકેલું હોય તે જણાય છે, કેટલાક ભાઈઓ–ભાઈઓ વચ્ચે પણ ખટરાગ હોય છે. એ પોતે કોર્ટમાં જવા વિચારે છે. આવું એક દૃષ્ટાન્ત વ્યાખ્યાનમાં સાંભળેલું એ દૃષ્ટાન્ત ધનાઢયતા અને ઉદારતાનો દાખલો પૂરો પાડે છે.

રાજસ્થાનમાં એક પુરાણા શહેર શહેર ધન્યાબાદમાં એક ધનવાન શેઠ છે. પોતે જાણે છે પોતાનો વડિલ પુત્ર સજ્જન અને સાચે રસ્તે ( ધર્મ કાર્યમા ને દાનમાં ) પોતાનો પૈસો ખર્ચે છે. જ્યારે પોતાનો ન્હાનો પુત્ર ઉડાઉ, સ્વચ્છંદી અને મનસ્વી છે. એટલે પોતાના વીલમાં (will) ધધીજ મિલ્કત વડીલ પુત્રને આપી દીધી છે. એટલે કરગરે કે વિનંતી કરી પોતાનો ભાઇ માનશે નાહ. એમ વિચારી પોતાનાં ગામનાં 'ઠાકોર સાહેબ' પાસે પોતાની બધી હકીકત જણાવી. કેસ કર્યો હોઈ સભાએ આ કેસ પોતાના ડાહ્યા મંત્રીને સોંપ્યો. એટલે મંત્રીએ ન્યાય આપવાનો વિચાર કરી તે છોકરા પાસે બાપાનું વીલ મંગાવ્યું. તે વાંચી પછી બે દિવસે ન્યાયની મુદત રાખી. પોતાના પિતાનો ફોટો પેલા મંગાવ્યો. નાનાભાઈને ખ્યાલ થયો કે–ખાત્રી થઈ કે ફેંસલો પોતાની તરફણમાં આવશે. એમ માની મંત્રીના ગુણગાન કરતો ઘેર આવ્યો. અને પોતાના વડિલ બંધુને જણાવ્યું કે સીધેસીધો મ્હને નહિ આપે તો રાજા કે કોઈ મ્હને અપાવશે એટલે વડિલ બંધુને ભાન આવ્યું. શહેરમાં બંને પુત્રો માટે જે વાતા ... તે સ્પષ્ટ જણાઈ આવ્યું હતું. જ્યારે ન્હાના પુત્રે ઘણું જ ખરાબ વર્તન આણ્યુ હતુ. એ હતો સ્વચ્છંદી, દારૂડિયો જ્યારે અફીણીયાએ એને બધી વાર્તા પુરી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મંત્રીએ છોકરાના બાપાનો એકે ફોટો મંગાવ્યો. પહેલા મોટા પુત્રને બોલાવ્યો. એને એના પર પગ મુકી ચાલવા કહ્યું, ધન્યકુમારે સ્પષ્ટ જણાવી દીધું અને કહ્યું મ્હારા પિતાજીના ફોટા પર મ્હને પગ મુકી એનું અપમાન કરવા જેવું કહ્યું, એણે કહ્યું કે મિલ્કતનો ભાગ ન મળે તો કાંઈ નહિ, મંત્રીએ કહ્યું એક નવો પૈસો નહિ મળે. 'ભલે', કહી ચાલતો થઈ એને બીજે બારણેથી જવા કહ્યું. પછી પેલા ઝગડતા પુત્રને બોલાવ્યો. તેને કહ્યું કે, 'તમે પિતાજીના ફોટા પર ચાલશો તો તમને તમારો ભાગ મળશે' એમાં કંઇ વાંધો નહિ, એક વાર નહિ, દસ વાર ચાલું, જો મિલ્કત મને મળે તો. એમ કહી એને બીજે બારણેથી જવા કહ્યું. પછી મંત્રીશ્રીએ ફેંસલાનો ન્યાય કરતાં કહ્યું કે જેને પોતાના પિતા ચાટે માન નથી. એને પિતાની મિલ્કત લેવાનો હક્ક નથી. લોકો બહુ ખુશ થયા. અનેતાળીઓના ગડગડાટથી સૌએ ન્યાયની વધામણી લીધી. ઘેર આવ્યા બાદ પુત્રે કહ્યું કે કોર્ટમાં કે રાજાએ મ્હને તે ફેંસલો આપ્યો પણ હવે મ્હારા જીવનમાં પરિવર્તન લાવ્યા તો અડધી મિલ્કત ત્હને મળશે.

ન્હાનો પુત્ર ખૂબ ખૂબ રડયો. અને વડિલ બંધુના પગમાં માથુ નમાવી કહ્યું, ભાઈ, મ્હેં જીવનમાં ઘણી બધી ભૂલો કરી છે. ખરાબ વર્તન કર્યું છે. પણ એ દુર્ગુણોનો ન્યાય આપવાનું વચન આપું છું. હવે હું પ્રામાણિક રીતે વર્તીશ, અને દારૂ-તમાકુ આજથી હરામ, વડિલ બંધુ, આજે ત્હમે મ્હારા ઉપર ઉપકાર કર્યો છે, મ્હારા જીવન પરિવર્તનમાં ત્હમારા ફાળો મહત્વનો ગણાય.

"લઘુ બંધુ, મ્હેં તો કાંઈ જ કર્યું નથી. પણ ત્હેં ત્હારા જીવનને સુધારી લીધુ, એ માટે ધન્યવાદ!"

આમ વઠિલ બંધુએ કહ્યું, 'પ્રત્યે દરેક પ્રામાણિક પણે વર્તજે કોઈને દુભવીશ નહિ.'

આ રીતે જીવનમાં પરિવર્તન આવ્યુ. અને એ માણસને પોતાની ભૂલ સમજાઈ.

આ રીતે કેટલાંક ધનાઢય હોય છે છતાં નમ્ર હોય છે.

ધન્ય એમની ધનાઢયતા! જે ધન્ય ત્હેમની એમની ઉદારતા?


**श्री हेमचन्द्राचार्य कृतम् प्राकृत व्याकरणम (अष्टमोऽध्यायः)**

શ્રી જૈન આત્માનંદ સભાનું પ્રકાશન-૯૪મું રત્ન છે. સાચા અર્થમાં તે રત્ન જ છે કેમકે તેના વિવિધ કારણો પ્રાકૃત ભાષાના અભ્યાસીને પુનિત ભાષાથી પ્રકાશિત કરે છે. પ્રાચીન પ્રાકૃત ભાષાના વ્યાકરણોમાં આ પુસ્તકનું અદ્વિતીય સ્થાન છે. અર્વાચીન વિદ્વાનોએ આ પુસ્તકને બીરદાવ્યું છે. અભ્યાસીને સંપૂર્ણ જ્ઞાન મળે અને તુલનાત્મક અભ્યાસ થાય તે માટે આ પુસ્તકમાં નવ Appendices આવેલ છે. જર્મન જેવા દેશમાં તેમજ મહાન વિદ્યાપીઠોની માંગ સારી છે. તેજ તેનું મૂલ્યાંકન છે.

Price Rs. 25-00 Dolar 5-00 Pound 2-10

: પ્રાપ્તિસ્થાન :

**શ્રી આત્માનંદ સભા ખારગેઈટ, ભાવનગર.**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Atmanand Prakash Regd. No. G. BV. 31.


## —: અમૂલ્ય પ્રકાશન :—

અનેક વરસોની મહેનત અને સંશોધનપૂર્વક પરમપૂજ્ય વિદ્વાન
મુનિરાજશ્રી જંબૂવિજયજી મહારાજના
વરદહસ્તે સંપાદિત થયેલ અજોડ અને અમૂલ્ય ગ્રંથ

# દ્વાદસારં નયચક્રમ્ પ્રથમ અને દ્વિત્તીય ભાગ

આ અમૂલ્ય ગ્રંથ જેમાં નયોનું અદ્દભુત વર્ણન છે તે દરેક સાધુ મુનિરાજો તથા સાધ્વીજી મહારાજ માટે અતિ ઉપયોગી ગ્રંથ છે. દરેક ગૃહસ્થોએ અને સમાજની દરેક લાયબ્રેરી માટે વસાવવા જોઈએ.

આ ગ્રંથ માટે પરમપૂજ્ય આચાર્યશ્રી **વિજયધર્મસૂરીશ્વરજી** મહારાજ જણાવે છે કે—

ભાવનગર શ્રી જૈન આત્માનંદ સભાએ આ પુસ્તકનું પ્રકાશન કર્યું તે એક મોટા ગૌરવની વાત છે. જે વિદ્વાન મુનિ મહારાજો, સાધ્વીજી મહારાજો, તથા શ્રાવકો તેમજ શ્રાવિકાઓને જૈન દર્શનના અભ્યાસ માટે ખૂબ જ ઉપયોગી નીવડશે.

ભારતભરમાં અનેક જૈન સંસ્થાઓ છે. તેઓએ પ્રગટ કરેલા પુસ્તકોમાં આ 'દ્વાદશારં નયચક્રમ્'ને શ્રેષ્ટ સ્થાને મૂકી શકાય તેમ છે. માટે શ્રી જૈન આત્માનંદ સભાને **ધન્યવાદ ઘટે છે.** (કીંમત રૂા. ૪૦-૦૦ પોસ્ટ ખર્ચ અલગ)

---

**બહાર પડી ચુકેલ છે** **જિનદત્તકથાનકમ્** (અમારૂં નવું પ્રકાશન)

પ્રસ્તુત જિનદત્તકથાનક સંસ્કૃત ભાષાના અભ્યાસીઓ માટે ખાસ ઉપયોગી એવો કથાગ્રંથ છે.

સ્વ. પૂજ્યપાદ આગમપ્રભાકર શ્રુત-શિલવારિધિ શ્રી પુણ્યવિજયજી મહારાજની ઇચ્છાનુસાર આ ગ્રંથ પ્રકાશન કરવામાં સફળ થતા ખુબ આનંદ અને સંતોષ અનુભવાય છે.

અમારી વિનંતિને ધ્યાનમાં લઈને પરમપૂજ્ય સાધ્વીજી મહારાજશ્રી ઓંકારશ્રીજી મહારાજે આ ગ્રંથનું સંપાદન-સંશોધનનું કાર્ય કરી આપવાની કૃપા કરી છે.

આ કથાનકનો ગુજરાતી ભાષામાં પણ સંક્ષિપ્ત સાર આપવામાં આવ્યો છે. આ ગ્રંથ દરેક લાયબ્રેરીમાં વસાવવા યોગ્ય છે. (**કિંમત રૂા. ૮-૦૦**)

લખો— **શ્રી જૈન આત્માનંદ સભા :** ખારગેટ, **ભાવનગર.**


તંત્રી : શ્રી પોપટભાઈ રવજીભાઈ સલોત શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.
મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ, આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.

For Private And Personal Use Only